R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2021-23valid up to 31-12-2023. Licensed to post without pre-payment WPP No. PMG/NG/062/2023 valid upto 31-12-2023 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૪૪ ● તા. ૯ માર્ચ, ૨૦૨૨ ● અંક નં. ૦૫

To,

# રોજગાર સમાચાર

તંત્રી : ડી. પી. દેસાઈ

સહતંત્રી : અરવિંદ આર. પટેલ ● કાર્યવાહક તંત્રી : પુલક ત્રિવેદી ● સંપાદક : જગદીશ આચાર્ય

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ ₹ ૩૦/- છે. માહિતી નિયામકની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦ ઉપરાંત રાજ્યની કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટઓફિસમાં (સર્વિસ ચાર્જ સાથે) તથા જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ લવાજમ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.

વેબસાઇટ : www.gujaratinformation.gujarat.gov.in www.facebook.com/gujaratinformation.official Phone No. : 079-232-53440

વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in ઉપરથી ગુજરાત રોજગાર સમાચારનો અંક નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકાશે.

# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ : ગાંધીનગર

૧. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર (હવે પછી "મંડળ" તરીકે ઉલ્લેખ કરેલ છે.)ધ્વારા પંચાયત સેવાની અધિક મદદનીશ ઇજનેર(સિવીલ) (વર્ગ-૩) સંવર્ગની ખાલી જગ્યા પર સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે સરકારશ્રીની https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર તા.૦૪-૦૩-૨૦૨૨(બપોરના ૧૩-૦૦ કલાક)થી તા.૨૦-૦૩-૨૦૨૨ (સમય રાત્રિના ૨૩-૫૯ કલાક સુધી) દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ સામાન્ય વર્ગ(જનરલ કેટેગરી)ના ઉમેદવારોએ પરીક્ષા ફી રૂ.૧૦૦/- + સર્વિસ ચાર્જ SBI E Pay ના માધ્યમથી ઓનલાઇન ફી ભરવા માટેની છેલ્લી તારીખ.૨૨-૦૩-૨૦૨૨ (રાત્રિના ૨૩-૫૯ કલાક સુધી રહેશે) તેમજ પોસ્ટ ઓફિસમાં ચલણથી રુબરુમાં પરીક્ષા ફી ભરવા માટે છેલ્લી તારીખ.૨૨-૦૩-૨૦૨૨ રહેશે.(પરંતુ તે માટે પોસ્ટ ઓફિસ ચલણની પ્રિન્ટ તા.૨૦-૦૩-૨૦૨૨ સુધીમાં કાઢી લેવી જરુરી છે.) પરીક્ષા ફી ભરવા માટેની વધુ વિગતો પેરેગ્રાફ-૧૯માં દર્શાવેલ છે.જે વાંચી જવી જરુરી છે. ઉમેદવારે તાજેતરનો Photograph (15 kb) અને Signature (15 kb) સાઇઝથી વધારે નહીં તે રીતે jpg format માં Scan કરીકોમ્પ્યુટરમાં તૈયાર રાખવાનો રહેશે, જે ઓનલાઇન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. અરજદારે ઓનલાઇન અરજીમાં દર્શાવ્યા મુજબના પોતાના બધા જ શૈક્ષણિક, વય અને જાતિ તેમજ અન્ય લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને આ અંગે ઉમેદવારોને જાણ કરાયા બાદ તેઓએ રુબરુમાં ચકાસણી અર્થે રજુ કરવાના રહેશે, જેની દરેકે અચુક નોધ લેવી.

૧.૧ અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ આ જાહેરાતમાં હવે પછીના ફકરાઓમાં દર્શાવેલ છે. તે સૂચનાઓ સહીત ઓનલાઇન અરજી કરતાં પહેલાં ઉમેદવારે આ સમગ્ર જાહેરાત પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.

૧.૨ ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે કોઇ પણ પ્રમાણપત્રો જોડવાના (અપલોડ કરવાના) નથી. પરંતુ, ઓનલાઇન અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતો મુજબ ઓનલાઇન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિ, શારીરિક અશકતતા (દિવ્યાંગતા)(હોય તો), માજી સૈનિક (લાગુ પડતુ હોય તો),માન્ય રમતગમત અંગેના (લાગુ પડતા હોય તો), વિધવા (જો હોય તો) તે અંગેના તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઇન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહે છે, અન્યથા મંડળ /નિમણુંક સત્તાધિકારી ધ્વારા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અરજીમાંની વિગતો ખોટી અથવા અસંગત ઠરશે તો ઉમેદવારની અરજી અને ઉમેદવારી/પસંદગી/નિમણુંક રદ કરવામાં આવશે. અરજીપત્રકમાં ઓનલાઇન ભરેલી વિગતોની કોઇ પણ પ્રકારની ચકાસણી કર્યા વગર મંડળ ધ્વારા ઉમેદવારોને આ જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ દાખલ (પ્રોવીઝનલ એડમીશન) કરી સ્પર્ધાત્મક પરીક્ષા આપવા દેવામાં આવશે, જે પરીક્ષા બાદ પ્રોવીઝનલ રીઝલ્ટ જાહેર થયા બાદ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોના પ્રમાણપત્ર ચકાસણીને આધીન રહેશે.

૧.૩ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિ અને પસંદગીની પ્રક્રિયા આ જાહેરાતમાં હવે પછીના ફકરામાં દર્શાવ્યા મુજબની હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓપ્ટીકલ માર્કસ રીડીંગ (ઓ.એમ.આર.) પધ્ધતિની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા રહેશે. આ હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓ.એમ.આર. પધ્ધતિની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન મંડળ દ્વારા કરવામાં આવશે. જે અંગેનો પરીક્ષા કાર્યક્રમ અલગથી પ્રસિધ્ધ કરવામાં આવશે. આ માટે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની વેબસાઇટ જોતા રહેવા ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે.

૧.૪ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભની તેમજ ત્યારબાદની બધી જ સૂચનાઓ ઉમેદવારના રજિસ્ટર્ડ મોબાઇલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં ઉમેદવારે મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો. અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી, મોબાઇલ નંબર જાળવી રાખવો અનિવાર્ય રીતે જરૂરી છે. મોબાઇલ નંબર બદલવા અથવા બંધ થઇ જવાના કારણે અથવા અન્ય કોઇ પણ કારણોસર ઉમેદવારને એસ.એમ.એસ થી સુચના ન મળે તો તેની જવાબદારી ઉમેદવારની રહેશે, અને આવા કિસ્સામાં ઉમેદવાર પોતે નિમણુંક મેળવવા ઇચ્છતો ન હોવાનું માનવામાં આવશે.

૧.૫ સ્પર્ધાત્મક પરીક્ષા બાદ પ્રોવીઝનલ રીઝલ્ટ અંગેની કાર્યવાહી મંડળ ધ્વારા કરવામાં આવશે જે અન્વયે પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં જે ઉમેદવારોનો સમાવેશ હશે, તેમને તેમના ઇમેઇલ ઉપર પ્રમાણપત્ર ચકાસણીની સુચનાઓ અને અન્ય સુચનાઓ આપવામાં આવશે.આ માટે અરજીમાં દર્શાવેલો ઇમેઇલ-આઇડી જાળવી રાખવા અને સમયાંતરે જોતા રહેવા ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે.

## ૨. ભરવાપાત્ર જગ્યાઓની વિગતઃ-

૨.૧ પંચાયત વિભાગના પત્ર ક્રમાંક:- મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા.૧૧/૦૧/૨૦૨૨ મુજબ જાહેરાત ક્રમાંકઃ ૧૩/૨૦૨૧-૨૨ અધિક મદદનીશ ઇજનેર(સિવીલ)વર્ગ-૩ સંવર્ગની જિલ્લા પંચાયતવાર/કેટેગરીવાર ભરવાપાત્ર જગ્યાઓ નીચે મુજબ છે:-

| ક્રમ | જિલ્લા પંચાયત | ભરવાપાત્ર કુલ જગ્યાઓની સંખ્યા | ભરવાપાત્ર જગ્યાઓ પૈકી કક્ષાવાર જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય (જનરલ) (OC) | આર્થિક રીતે નબળા વર્ગ (EWS) | સા.શૈ. પછાત વર્ગ (SEBC) | અનુ. જાતિ (SC) | અનુ.જન જાતિ (ST) | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓ | | | | |
| | | | | | | | | | કેટેગરી A | કેટેગરી B | કેટેગરી C | કેટેગરી D | કુલ |
| ૧ | અમદાવાદ | 15 | 08 | 01 | 03 | 02 | 01 | 01 | 00 | 01 | 00 | 00 | 01 |
| ૨ | અમરેલી | 32 | 14 | 03 | 12 | 03 | 00 | 03 | 00 | 01 | 00 | 00 | 01 |
| 3 | આણંદ | 15 | 10 | 01 | 04 | 00 | 00 | 01 | 00 | 01 | 01 | 00 | 02 |
| ૪ | અરવલ્લી | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 01 | 00 | 00 | 01 |
| ૫ | બનાસકાંઠા | 19 | 07 | 01 | 07 | 04 | 00 | 01 | 00 | 01 | 01 | 00 | 02 |
| ૬ | ભરુચ | 15 | 09 | 01 | 04 | 00 | 01 | 01 | 00 | 01 | 01 | 00 | 02 |
| ૭ | ભાવનગર | 18 | 04 | 01 | 09 | 04 | 00 | 01 | 00 | 02 | 01 | 01 | 04 |
| ૮ | બોટાદ | 09 | 06 | 00 | 03 | 00 | 00 | 00 | 00 | 01 | 00 | 00 | 01 |
| ૯ | છોટાઉદેપુર | 10 | 02 | 01 | 03 | 01 | 03 | 01 | 00 | 01 | 00 | 00 | 01 |
| ૧૦ | દાહોદ | 17 | 06 | 01 | 08 | 00 | 02 | 01 | 00 | 01 | 01 | 00 | 02 |
| ૧૧ | દેવભૂમિ ધ્વારકા | 02 | 02 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 01 | 00 | 00 | 01 |
| ૧૨ | ડાંગ | 05 | 00 | 00 | 02 | 00 | 03 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| ૧૩ | ગાંધીનગર | 05 | 04 | 00 | 00 | 01 | 00 | 00 | 00 | 01 | 00 | 00 | 01 |
| ૧૪ | ગીર સોમનાથ | 13 | 09 | 01 | 02 | 01 | 00 | 01 | 00 | 01 | 00 | 00 | 01 |
| ૧૫ | જામનગર | 08 | 03 | 00 | 05 | 00 | 00 | 00 | 00 | 00 | 01 | 00 | 01 |
| ૧૬ | જુનાગઢ | 05 | 00 | 01 | 03 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| ૧૭ | કચ્છ | 16 | 10 | 01 | 03 | 00 | 02 | 01 | 00 | 01 | 01 | 00 | 02 |
| ૧૮ | ખેડા | 18 | 13 | 01 | 02 | 02 | 00 | 01 | 00 | 01 | 01 | 00 | 02 |
| ૧૯ | મહીસાગર | 12 | 07 | 01 | 00 | 00 | 04 | 01 | 00 | 01 | 00 | 00 | 01 |
| ૨૦ | મહેસાણા | 15 | 00 | 01 | 11 | 03 | 00 | 01 | 00 | 01 | 01 | 00 | 02 |
| ૨૧ | મોરબી | 08 | 06 | 00 | 02 | 00 | 00 | 00 | 00 | 01 | 00 | 00 | 01 |
| ૨૨ | નર્મદા | 04 | 00 | 00 | 00 | 00 | 04 | 00 | 00 | 01 | 00 | 00 | 01 |
| ૨૩ | નવસારી | 05 | 02 | 00 | 01 | 00 | 02 | 00 | 00 | 01 | 00 | 00 | 01 |
| ૨૪ | પંચમહાલ | 13 | 04 | 01 | 03 | 01 | 04 | 01 | 00 | 00 | 00 | 00 | 00 |
| ૨૫ | પાટણ | 08 | 06 | 00 | 00 | 02 | 00 | 00 | 00 | 01 | 01 | 01 | 03 |
| ૨૬ | પોરબંદર | 04 | 03 | 00 | 00 | 01 | 00 | 00 | 00 | 01 | 00 | 00 | 01 |
| ૨૭ | રાજકોટ | 18 | 03 | 01 | 09 | 04 | 01 | 01 | 00 | 01 | 01 | 00 | 02 |
| ૨૮ | સાબરકાંઠા | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| ૨૯ | સુરત | 09 | 03 | 00 | 03 | 01 | 02 | 00 | 00 | 01 | 01 | 00 | 02 |
| 30 | સુરેન્દ્રનગર | 16 | 11 | 01 | 04 | 00 | 00 | 01 | 00 | 01 | 01 | 01 | 03 |
| 3૧ | તાપી | 04 | 03 | 00 | 00 | 00 | 01 | 00 | 00 | 01 | 00 | 00 | 01 |
| 3૨ | વડોદરા | 08 | 07 | 00 | 00 | 00 | 01 | 00 | 00 | 01 | 00 | 00 | 01 |
| 33 | વલસાડ | 08 | 00 | 00 | 03 | 01 | 04 | 00 | 00 | 01 | 01 | 00 | 02 |
| | કુલ | 355 | 163 | 19 | 106 | 32 | 35 | 18 | 00 | 29 | 14 | 03 | 46 |

૨.૨ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શકયતા છે. →

➔

■ **અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત :-**

૧ આ જાહેરાતના સંદર્ભમાં મંડળ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતના પેરા-૧ માં દર્શાવ્યા મુજબના સમયગાળા દરમ્યાન https://ojas.gujarat.gov.in પર અરજીપત્રક ભરી શકશે.

૨ ઉમેદવારે અરજી કરવા માટે-

(1) સૌ પ્રથમ https://ojas.gujarat.gov.in પર જવું. ત્યારબાદ "Current Advertisement" માં "View All" ક્લીક કરવાથી "Select Advertisement by Department" માં GUJARAT PANCHAYAT SERVICE SELECTION BOARD (GPSSB) SELECT કરવું

(2) "અધિક મદદનીશ ઇજનેર(સિવીલ)" ની જાહેરાત ક્રમાંકઃ 13/202122 ઉપર click કરવાથી **screen** ઉપર "Apply" અને "Details" ના ઓપ્શન જોવા મળશે. "Details" ઉપર **click** કરવાથી વિગતવાર જાહેરાત જોવા મળશે. જે ધ્યાનથી વાંચી જવી.આ જાહેરાતને ભવિષ્યના હેતુ માટે ડાઉનલોડ કરી "SAVE" કરી રાખવા ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે.

(3) હવે **"Apply"** પર click કરવાથી બે રીતે ઓનલાઇન અરજી કરી શકાશેઃ-

(અ) Apply With OTR – One Time Registration

ઓજસ પ્લેટફોર્મ ઉપરનો તમારો ONE TIME REGISTRATION NUMBER (OTR) અને જન્મતારીખ એન્ટર કરી Apply With OTR કરવાથી તમે રજીસ્ટ્રેશન(OTR) વખતે આપેલી વિગતો અરજીફોર્મમાં આપ મેળે આવી જશે જે વિગતો ધ્યાનથી જોઇ લેવી. જેથી તમે અરજીફોર્મ ઝડપથી ભરી શકશો. ત્યારબાદ ઓનલાઇન અરજી **''Confirm''** કરવાથી ઉમેદવારની અરજીનો **online** સ્વીકાર થઈ જશે.જેની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

(બ) Skip કરીને બધી વિગતો ભરીને ઓનલાઇન અરજી થઇ શકશે.

આ રીતે અરજી કરવા માટે ઉમેદવારે પોતાનું નામ, જન્મતારીખ વિગેરે પર્સનલ ડીટેલ્સ ભરવાની રહેશે. અને અરજી ફોર્મમાં માંગવામાં આવેલી તમામ વિગતો જેવી કે Communication Details ,Others Details, Language Details,Educational Details(શૈક્ષણિક લાયકાત) વિગેરેની વિગતો ભરવાની રહેશે.

ત્યારબાદ પોતાનો ફોટોગ્રાફ અને સહી ઉમેદવારે અપલોડ કરવાના રહેશે. જે ફોટો અપલોડ કરવામાં આવ્યો હોય તે જ ફોટાની નકલ લેખિત પરીક્ષામાં હાજરીપત્રકમાં ચોંટાડવાની રહેશે. તેમજ પછીના દરેક તબક્કે મંડળ/નિમણૂંક સત્તાધિકારી માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે. આથી ઓનલાઇન અરજીપત્રકમાં અપલોડ કરેલ ફોટોગ્રાફની ચારથી પાંચ નકલો કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા ફોટોગ્રાફ રજૂ થશે તો, ઉમેદવારની ઓળખ પ્રસ્થાપિત નહીં થવાના કારણે ઉમેદવારની ફાળવણી/નિમણૂંકમાં બાધ આવી શકશે જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(4) ત્યારબાદ ફોર્મમાં આપેલ બાંહેધરી **"Declaration"** વાંચીને શરતો માન્ય હોય તો Yes ઉપર કલીક કરવું અને અરજી ત્યારબાદ Save કરવી.અરજી SAVE કર્યા બાદ ઉમેદવારનો **"Application Number"** generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

(5) હવે પેજના ઉપરના ભાગમાં **"Confirm Application"** પર **click** કરો અને **"Application number"** તથા **"Birth Date" type** કર્યા બાદ **Ok** પર **click** કરવાથી ત્રણ બટન (૧) **ok** (૨) **show application preview** અને (૩) **confirm application** દેખાશે. ઉમેદવારે **show application preview** પર **click** કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો **edit** કરી લેવું. કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ **confirm application** પર **click** કરવું. ઓનલાઇન અરજી **''Confirm''** કરવાથી ઉમેદવારની અરજીનો **online** સ્વીકાર થઈ જશે.

(6) એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટ્સ, શારીરિક અશકતતાનો પ્રકાર, વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી નામ, અટકના સ્પેલીંગ સહીત કરી લઇને તેને અનુરૂપ વિગતો જ ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ અસલ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ ધરાવતા ઉમેદવારોની ઉમેદવારી મંડળ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી/ઉમેદવારી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે. આ બાબતે ઓનલાઇન અરજીમાં દર્શાવેલી વિગતોમાં સુધારા વધારા કરવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

(7) અરજીને કન્ફર્મ કરતાં **"confirmation number" generate** થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. કન્ફર્મેશન નંબર સિવાય કોઇ પણ જાતનો પત્રવ્યવહાર કરી શકાશે નહીં. ઉમેદવારે Confirm થયેલ અરજીપત્રકની પ્રીન્ટ અચૂક કાઢી તેને સાચવી રાખવી, અને માંગણી કરવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે.

(8) **print application** પર **click** કરીને **confirmation number** ટાઇપ કરવો અને **print** પર **click** કરી અરજીની પ્રિન્ટ કાઢી શકાશે.

(9) સામાન્ય વર્ગ (જનરલ કેટેગરી)ના તમામ ઉમેદવારે તેમની ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ ફકરા- ૧૯ માં આપેલ સુચનાઓ અનુસાર એસ.બી.આઇ e-pay મારફતે ઓનલાઇન અથવા પોસ્ટ ઓફિસ મારફતે બે માંથી કોઇ પણ એક પધ્ધતિ મુજબ પરીક્ષા ફી રૂ.૧૦૦/- તથા સર્વિસ ચાર્જ/પોસ્ટલ ચાર્જ ભરવાના રહેશે. અરજી કન્ફર્મ કર્યા બાદ નિયત સમયમર્યાદામાં ફી ન ભરનાર જનરલ કેટેગરીના ઉમેદવારની અરજી આપો આપ "રદ" ગણાશે.

**(વધુ વિગતો માટે સંસ્થાની વેબસાઈટ જોવી)**

# BANK OF BARODA

**Bank of Baroda**, one of the India's Largest Bank is looking for qualified and experienced Specialist officers for various positions in Fraud Risk Management, MSME & Corporate Credit Departments

**Nature of Engagement: REGULAR**

| Sl. | Post | Grade/Scale | Vacancies |
|---|---|---|---|
| **Fraud Risk Management Department** | | | |
| 1 | Manager – Digital Fraud | MMG/S-II | 15 |
| **MSME Department** | | | |
| 1 | Credit Officer | SMG/S-IV | 15 |
| 2 | | MMG/S-III | 25 |
| 3 | Credit Officer – Export / Import Business | SMG/S-IV | 08 |
| 4 | | MMG/S-III | 12 |
| **Corporate Credit Department** | | | |
| 1 | Forex (Acquisition & Relationship Manager) | MMG/S-III | 15 |
| 2 | | MMG/S-II | 15 |

Eligibility criteria (age, qualification & experience), requisite fees and other details are available on Bank's website. Interested candidates are advised to visit the Bank's website **www.bankofbaroda.in** -> Career Page -> Current Opportunities -> 'Recruitment of Specialist Officers in Bank of Baroda', for further details.

Candidates are advised to go through the detailed advertisement, ensuring their eligibility and other details before applying and remitting fees.

Any addendum/ corrigendum/ modification shall be notified only on the Bank's website.

**The Last Date for submission of Online Application & Payment of Fee is 24.03.2022 (23:59 hours).**

# 'નેશનલ સ્ટાર્ટઅપ ડે' ક્યારે ઉજવવામાં આવે છે?

**1. NATOનું પુર્ણ નામ જણાવો?**

અ. North Asiatic Treaty Organization.

બ. North African Treaty Organization.

ક. North Atlantic Treaty Organization.

ડ. North Australion Treaty Organization.

**2. NATOનું મુખ્ય મથક ક્યાં આવેલું છે?**

અ. બ્રસેલ્સ, બેલ્જિયમ બ. જીનીવા, સ્વિટ્ઝરલેન્ડ

ક. પેરિસ, ફ્રાન્સ ડ. કીવ, યુક્રેન

**3. NATOની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી?**

અ. ઈ.સ. 1949 બ. ઈ.સ. 1959

ક. ઈ.સ. 1969 ડ. ઈ.સ. 1939

**4. નીચેનામાંથી કયો દેશ રશિયા સાથે જમીન સીમાથી જોડાયેલો નથી?**

અ. નોર્વે બ. એસ્ટોનિયા

ક. બેલારુસ ડ. લિથુઆનીયા

**5. નીચેનામાંથી કયો દેશ યુક્રેન સાથે જમીન સીમાથી જોડાયેલો નથી?**

અ. જર્મની બ. મોલદોવા

ક. રોમાનીયા ડ. પોલેન્ડ

**6. બેન્જામિન ફ્રેન્કલિને નીચે પૈકી .....ની શોધ કરી હતી ? (અ)**

અ. બાયફ્કલ સ્પેક્ટેકલ્સ બ. રેડિયો

ક. બેરોમીટર ડ. હાગ્રોમીટર

**7. વર્ષ 2022 માં જાહેર કરાયેલ બાયોટેકનોલોજી પોલિસી સંદર્ભે કયું / કયા વિધાન યોગ્ય છે?**

અ. પાંચ વર્ષ માટે ભરેલી ઈલેક્ટ્રીસીટી ડ્યુટી ઉપર 100 ટકા વળતર મળશે.

બ. પ્રત્યેક મહિલા અને પુરુષ કર્મચારી માટે અરજકર્તા કંપનીએ ભરેલી એમ્પ્લોયમેન્ટ પ્રોવિડન્ટ ફંડ ઉપર અનુક્રમે 100 ટકા અને 75 ટકા વળતર મળશે.

ક. એક વર્ષથી વધારે સમય સુધી અરજકર્તા કંપની સાથે જોડાયેલ પ્રત્યેક સ્થાનિક પુરુષ અને મહિલાને અનુક્રમે રૂ.50,000 અને રૂ.60,000ની સહાય મળશે.

ડ. ઉપરના તમામ

**8. સંસ્કૃત નાટક 'મૃચ્છકટિકમ્'ના લેખકનું નામ જણાવો (બ)**

અ. દંડી બ. શુદ્રક

ક. ભવભૂતિ ડ. ભાસ

**9. ૧૨માં તબક્કાના ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ક્યાંથી કરાવ્યો હતો?**

અ. જુનાગઢ બ. ગાંધીનગર

ક. નવસારી ડ. દાહોદ

**10. રાજયના નાગરિકોની ફરિયાદોનું ન્યાયી અને સમયસર નિવારણ થાય તે હેતુ ગુજરાત સરકાર દ્વારા કયો કાર્યક્રમ કાર્યરત છે?**

અ. SWAGAT બ. PRABHAT

ક. PRAGATI ડ. GATI

**11. ગુજરાત સરકારના ઓનલાઈન જન ફરીયાદ નિવારણ કાર્યક્રમ સંદર્ભે કયું/કયા વિધાન યોગ્ય છે?**

અ. આ કાર્યક્રમ અંતર્ગત દર મહિનાના ચોથા ગુરૂવારે યોજાતા રાજય સ્વાગતમાં મુખ્યમંત્રી નાગરિકોની ફરિયાદો પ્રત્યક્ષ સાંભળે છે.

બ. આ કાર્યક્રમનું નામ 'સ્ટેટવાઈડ એટેન્શન ઓન પબ્લિક ગ્રિવન્સીસ બાય એપ્લિકેશન ઓફ ટેક્નોલોજી' (SWAGAT) છે.

ક. આ કાર્યક્રમની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૩માં કરવામાં આવી હતી.

ડ. ઉપરના તમામ

**12. નીચેનામાંથી કયું/ કયા વિધાન યોગ્ય છે?**

અ. પાટણ ખાતે'વીર-મેઘમાયા' સ્મારકનું નિર્માણ થશે

બ. આ 'વીર-મેઘમાયા'સ્મારક રૂ.૧૧ કરોડના ખર્ચે નિર્માણ પામશે.

ક. સહસ્ત્રલિંગ સરોવરમાં પાણી ભરાય તે માટે ધોળકાના વીર મેઘમાયાએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું.

ડ. ઉપરના તમામ

**13. કાલિદાસ દ્વારા રચિત 'કુમારસંભવમ'માં નાયક-નાયિકા કોણ છે ?**

અ. રામ-સીતા બ. વિક્રમ-ઉર્વશી

ક. શિવ-પાર્વતી ડ. દ્રોપદી- અર્જૂન

**14. ગુજરાત સરકાર દ્વારા રાજ્યની નગરપાલિકાઓની આવકમાં વધારો કરદાતાઓને કરવેરો ભરવામાં સરળતા અને પ્રોત્સાહન મળે તે હેતુ કઈ યોજના શરૂ કરવામાં આવી છે ?**

અ. ડિજિટલ ટેક્સ યોજના

બ. 'ઈ-ટેક્સ' યોજના

ક. આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના

ડ. ઉપરમાંથી એક પણ નહિ.

**15. ગુજરાતના અંદાજપત્ર વર્ષ૨૦૨૨-૨૩નું કદ જણાવો ?**

અ. રૂપિયા ૩ લાખ ૪૨ હજાર ૯૬૫ કરોડ

બ. રૂપિયા ૪ લાખ ૩૨ હજાર ૯૬૫ કરોડ

ક. રૂપિયા ૨ લાખ ૪૩ હજાર ૯૬૫ કરોડ

ડ. રૂપિયા ૩ લાખ ૩૨ હજાર ૯૫૬ કરોડ

**જનરલ નોલેજ ક્વીઝ કોર્નર**

- ધવલ શાહ
Email : dhavaleditor@gmail.com

**16. ઈન્ટરનેશનલ ક્રિમીનલ કોર્ટનું મુખ્યમથક કયા આવેલું છે. ?**

અ. નેધર લેન્ડ બ. સ્વીડ્ઝરલેન્ડ

ક. અમેરિકા ડ. રશિયા

**17. નીચેના પૈકી કયો / કયા સાયબર ગુનો બને છે ?**

અ. સાયબર સ્ટોકિંગ બ. ડોમેઈન સ્કવેટિંગ

ક. ટાઈપોસ્વેટિંગ ડ. ઉપરોક્ત તમામ

**18. નીચેની પૈકી કઈ કૃતિ હિન્દી ભાષાના લેખક પ્રેમચંદની નથી ?**

અ. નિર્મલા બ. ગબન

ક. યામા ડ. ગોદાન

**19. થોળ તળાવ કયા જિલ્લામાં આવેલું છે ?**

અ. અમદાવાદ બ. મહેસાણા

ક. જામનગર ડ. કચ્છ

**20. ગુજરાતના ગીર જંગલમાં વસતા સિદી સમુદાય દ્વારા ભજવાતું નૃત્ય.... કહેવાય છે?**

અ. માંડવી બ. પઢાર

ક. ધમાલ ડ. ટિપ્પણી

**21. ગોલકોંડા કિલ્લો ક્યાં આવેલો છે ?**

અ. તેલગાંણા બ. આન્ધ્ર પ્રદેશ

ક. કર્ણાટક ડ. મહારાષ્ટ્ર

**22. ભારતમાં ગ્રીન રેવોલ્યૂશનના પ્રણેતા કોણ હતા ?**

અ. વર્ગીસ કુરિયન બ. એચ. એમ. દલાયા

ક. એમ. એસ. સ્વામિનાથન ડ. ત્રિભોવનદાસ પટેલ

**23. ભારતીય બંધારણમાં કટોકટીની જોગવાઈ અનુચ્છેદ .....માં છે ?**

અ. ૩૨૦ બ. ૩૫૨

ક. ૩૩૩ ડ. ૩૭૦

**24. નીચેના પૈકી કયા ગાયકને ભારત રત્ન એવોર્ડ મળેલો છે ?**

અ. દુર્ગા ખોટે બ. કવિતા કૃષ્ણમૂર્તી

ક. કિશોર કુમાર ડ. લતા મંગેશકર

**25. દર વર્ષે 'વિશ્વ વન્યજીવન દિવસ' કઈ તારીખે ઉજવવામાં આવે છે ?**

અ. ૩ માર્ચ બ. ૩ જૂન

ક. ૩ નવેમ્બર ડ. ૩ ડિસેમ્બર

**26. નીચેનામાંથી કયું/કયાં વિધાન યોગ્ય છે?**

અ. કેન્દ્ર સરકારનાં સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૧માં દેશના ટોપ-૧૦ સ્વચ્છ શહેરોની યાદીમાં ગુજરાતના ત્રણ શહેરોનો સમાવેશ થયો છે.

બ. આ યાદીમાં સુરત, વડોદરા અને અમદાવાદ શહેરે અનુક્રમે બીજુ, આઠમું અને દસમું સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

ક. આ સર્વેક્ષણમાં દેશના સૌથી સ્વચ્છ પાટનગર તરીકે ગાંધીનગરે સ્થાન મેળવ્યું છે.

ડ. ઉપરના તમામ

**27. ગુજરાત અંદાજપત્ર ૨૦૨૨-૨૩ના સંદર્ભે નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય છે ?**

અ. ધાર્મિક સ્થળોની સેવા-પુજા કરનાર વ્યક્તિના ધાર્મિક પરિસરમાં આવેલા રહેઠાણના મકાનને મિલકત વેરામાંથી મુક્તિ અપાશે.

બ. સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાને વર્ષ ૨૦૨૭ સુધી લંબાવવામાં આવે છે.

ક. રાજ્યમાં ડ્રોન સ્કીલ ઈન્સ્ટીટ્યુટની સ્થાપના કરાશે.

ડ. સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી-૨.૦ જાહેર કરવામાં આવી છે.

**28. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે કેટલા 'નમો વડ વન' તરીકે કેટલા વડનો ઉછેર કરવામાં આવશે?**

અ. ૫૦ બ. ૧૨૫

ક. ૬૦ ડ. ૭૫

**29. ડ્રોન ટેકનોલોજીના ઉપયોગથી ગ્રામ્ય વિસ્તારની મિલકતની માપણી કરી પ્રોપર્ટી કાર્ડ આપવા માટે કઈ યોજના છે?**

અ. પ્રભુત્વ યોજના બ. સ્માર્ટ માપણી યોજના

ક. સ્વામિત્વ યોજના ડ. SARAL માપણી યોજના

**30. વિટામીન ..... શરીરને બ્લડ ક્લોટમાં સહાયરૂપ થાય છે ?**

અ. K બ. E

ક. D ડ. C

**31. 'નેશનલ સ્ટાર્ટઅપ ડે' ક્યારે ઉજવવામાં આવે છે?**

અ. 12 જાન્યુઆરી બ. 14 એપ્રિલ

ક. 16 જાન્યુઆરી ડ. 21 જાન્યુઆરી

**32. ખંભાતનું પ્રાચીન કાળમાં કયા નામે ઓળખાતું ?**

અ. ડંકપુર બ. ભૃગુકચ્છ

ક. સ્તંભતીર્થ ડ. આનર્તપુર

**33. વિજયનગર સામ્રાજ્ય કઈ નદીના કિનારે સ્થપાયું હતું ?**

અ. તુંગભદ્રા બ. કાવેરી

ક. ગંગા ડ. ગોદાવરી

**34. કાળા સમુદ્ર અને મરમરા સાગરને જોડતી સામુદ્રધુનીનું નામ જણાવો ?**

અ. ડાર્ડેનલ્સની સામુદ્રધુની

બ. બોસ્પોરસની સામુદ્રધુની

ક. પાલ્કની સામુદ્રધુની

ડ. બેરિંગની સામુદ્રધુની

**35. 'બજેટ' શબ્દ મૂળ કઈ ભાષાનો શબ્દ છે?**

અ. ફ્રેન્ચ બ. સંસ્કૃત

ક. સ્પેનીશ ડ. અંગ્રેજી

**જવાબ :**

**(1-ક) (2-અ) (3-અ) (4-ડ) (5-અ) (6-અ) (7-ડ) (8-બ) (9-ડ) (10-અ) (11-ડ) (12-ડ) (13-ક) (14-ક) (15-ક) (16-અ) (17-ડ) (18-ક) (19-બ) (20-ક) (21-અ) (22-ક) (23-બ) (24-ડ) (25-અ) (૨૬-ડ) (27-બ) (28-ડ) (૨૯-ક) (૩૦-અ) (31-ક) (32-ક) (33-અ) (34-બ) (35-અ)**

# SMALL INDUSTRIES DEVELOPMENT BANK OF INDIA : LUCKNOW

## Recruitment of Officers in Grade ‘A’– General Stream: 2022

Applications are invited from eligible candidates for the post of Assistant Manager in Grade ‘A’ in General Stream in Small Industries Development Bank of India (SIDBI). Candidates are advised to apply ONLINE, through SIDBI’s website at www.sidbi.in after carefully going through all the instructions contained in this application and general instructions given in this advertisement. No other means /mode of Application / Printout will be accepted.

*** Important Dates / Timelines**

| | |
|---|---|
| Opening of Online Registration Gateway / payment of fees | March 04, 2022 |
| Closing of On-line Registration Gateway /payment of fees | March 24, 2022 |
| Cut- off date for determining Eligibility Criteria with regard to age | March 04, 2022 |
| Cut-off date for determining Eligibility Criteria with regard to educational qualification | March 24, 2022 |
| Date of Online examination | April 16, 2022 |
| Tentative schedule of Interview | May, 2022 |

SIDBI is the Principal Financial Institution set up under an Act of Parliament for promotion, financing, and development of Micro, Small and Medium Enterprises (MSMEs) sector in India. MSME sector, the focused business domain for SIDBI, has been an important pillar of the Indian Economy in the last seven and a half decades, having contributed to creativity, innovation, and dynamism in the industrial sector which has led to the spread of industrial development across the country.

SIDBI’s Mission is to ‘To facilitate and strengthen credit flow to MSMEs and address both financial and developmental gaps in the MSME eco-system’. SIDBI is working with the Vision ‘To emerge as a single window for meeting the financial and developmental needs of the MSME sector to make it strong, vibrant and globally competitive, to position SIDBI Brand as the preferred customer friendly institution and for enhancement of shareholders wealth and highest corporate values through modern technology platform’.

In order to achieve the same, SIDBI proactively partners with Banks, SFBs, NBFCs, MFIs, and New Age FinTech’s for Indirect lending, focusing on multiplier effect/larger reach in financing the MSME sector. SIDBI also makes strategic interventions in Industrial Clusters through direct lending with an intent to bridge current credit gaps in the MSME sector by using demonstrable and creative lending products that can be scaled up by the credit delivery ecosystem.

SIDBI is also facilitating growth of entrepreneurship culture in India by helping Startups through its Fund of Funds initiatives. Besides that, SIDBI is promoting entrepreneurship and assisting nascent enterprises for the comprehensive development of the MSME sector through credit-plus initiatives, acting as a facilitator in capacities such as Nodal Agency for the Government’s MSME-oriented Schemes.

In the process, SIDBI has built and is building several pathbreaking digital platforms to bridge the gap in the MSME and Startup/Venture Capital ecosystems, encompassing from business to business & business to customer models; including zero touch invoice-based lending platforms etc. using Open Credit Enablement Network (OCEN) and Account Aggregator Frameworks.

SIDBI is an equal opportunity employer and believes that its people, processes and technology are the key drivers for delivering customer service. SIDBI firmly believes that its Human Resources are its most valuable asset. Accordingly, the Bank is looking for dynamic and ambitious youngsters to be part of the SIDBI growth story and invites applications for the following post-

**1. The details of number of vacancies and reservation**

| Name of Post Pay scale (in `) Minimum Gross emoluments (` p.m.) | No. of total vacancies | Vacancies reserved for | | | | UR | Total | Out of which reserved for PwBD* | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | SC | ST | OBC | EWS | | | HI | OC | VI | MD / ID |
| Assistant Manager Grade ‘A’ - General Stream 28150 - 1550(4) - 34350 - 1750(7) – 46600 -EB - 1750(4) – 53600 - 2000(1) - 55600 (17 years) `70,000/ - approx. | 100 | 16 | 7 | 24 | 10 | 43 | 100 | 1 | 1 | 2 | 1 |

* PwBD – Persons with Benchmark Disabilities as defined in the “The Rights of Persons with Disabilities Act, 2016” (i) HI - Hearing Impaired; (ii) OC - Orthopedically challenged; (iii) VI – Visually Impaired; (iv) MD – Multiple Disabilities; (v) ID - Intellectual Disability.

Essential Educational Qualifications (As on March 24, 2022)

| Name of Post | Stream | Educational Qualification |
|---|---|---|
| Assistant Manager Grade ‘A’ – General Stream | General | Bachelors’ Degree in Law, OR Bachelors’ Degree in Engineering (Preferably Civil / Electrical / Mechanical) OR Master’s Degree in any discipline (Preferably from Commerce/Economics/Management subject) from an institute / University recognized by the University Grant Commission (UGC) / Central Government OR CA / CS / CWA / CFA OR Ph.D. from Institutions recognized by GOI/UGC. The candidate must have scored minimum 60% marks or first class (55% or Second class, in case of SC/ST), in aggregate in any of the above indicated qualifications. |

**HOW TO APPLY :**

Candidates can apply online only from SIDBI’s website, and no other mode of application will be accepted.

(i) Pre-Requisites for Applying Online

Before applying online, candidates should:-

(i) Scan their : photograph (4.5 cm* 3.5 cm), signature (with black ink), left thumb impression (on white paper with black or blue ink), a hand written declaration (on a white paper with black ink) (text givenbelow)

ensuring that all these scanned documents adhere to the required specifications as given in Guidelines for Scanning and Upload of documents below.

(ii) Signature in CAPITAL LETTERS will NOT be accepted.

(iii) The left thumb impression should be properly scanned and not smudged.

(If a candidate is not having left thumb, he/she may use his/ her right thumb for applying.)

(iv) The text for the hand written declaration is as follows - “I, _______ (Name of the candidate), hereby declare that all the information submitted by me in the application form is correct, true and valid. I will present the supporting documents as and when required.”

(v) The above mentioned hand written declaration has to be in the candidate’s handwriting and in English only. If it is written and uploaded by anybody else or in any other language, the application will be considered as invalid. (In the case of Visually Impaired candidates who cannot write may get the text of declaration typed and put their left-hand thumb impression below the typed declaration and upload the document as per specifications.)

(vi) Candidates to go to the SIDBI **website www.sidbi.in** - click on the option “APPLY ONLINE” which will open a new screen.

●

